EXE R NO.3/2026

**// આંક-૧ લગત હુકમ //**

સદર કામે જજમેન્ટ ડેટર વિરુદ્ધ રીકવરી/એટેચમેન્ટ વોરંટ ચાલે છે પરંતુ આજદિન સુધી સદર વોરંટ ની બજવણી થઇ શકેલી નથી. વધુમાં, **નામદાર સુપ્રીમ કોર્ટ**, **સિવિલ અપીલ નં:૩૬૪૦-૩૬૪૨/૨૦૨૫**, **પેરીયામ્લ ના વારસો વિરુદ્ધ રાજમણી અને બીજા** ના જજમેન્ટ માં ઠરાવ્યા પ્રમાણે દરખાસ્ત નો અમલ છ મહિનામાં કરવો જોઈએ પરંતુ જ્યારે આજદિન સુધી જજમેન્ટ ડેટર વિરુદ્ધ રીકવરી/એટેચમેન્ટ વોરંટ યેનકેન કારણોસર બજવણી કરાવવામાં ડીક્રી હોલ્ડર નિષ્ફળ ગયેલા હોય, સદર દરખાસ્ત કોઇપણ પ્રકારની આગળની કાર્યવાહી વગર પેન્ડીંગ રહે છે અને અદાલત પ્રયત્નો કરવા છતાં આગળની કાર્યવાહી હાથ ધરી શકે તેવું થતું નથી. આ સંજોગોમાં સદરહુ દરખાસ્ત વધુ સમય કોઇપણ જાતની કાર્યવાહી વગત પડતર રાખવી યોગ્ય કે ન્યાયી જણાતું ન હોય તેથી ફરી દાખલ કરવાની મંજુરી સાથે સદર દરખાસ્ત ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લો અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૫/૦૭/૨૦૨૬ [ખુશ્બુ મુકેશભાઈ ભટ્ટ]

સ્થળ:જામનગર એડીશનલ સિવિલ જજ

જામનગર